**સ્પે.પોકસો કેસ નં.૫૨/૨૦૨૨**

**–:: આંક – ૬૪ લગત હુકમ ::–**

(૧) આ કામે આરોપી તરફે ડેપ્યુટી એલ.એ.ડી.સી.વિ.વકીલશ્રી એસ.ડી.સિયોલાએ હાલની આંક–૬૪ થી અરજી કરી આરોપી બનાવ સમયે સગીર વયના હોઇ, જેથી તેમનો કેસ જુવેનાઇલ જસ્ટીસ બોર્ડમાં મોકલી આપવા હુકમ કરવા વિનંતી કરેલ છે અને અરજી મુજબ પોતાની રજુઆત કરેલ છે.

(૨) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.ડી.ઠકકરનાઓએ કાયદાની જોગવાઇઓ ધ્યાને લઇ, યોગ્ય હુકમ થાય તો કોઇ વાંધો તકરાર ન હોવાનું જણાવેલ છે.

(૩) પક્ષકારોની રજુઆત તથા આ કામે રેકર્ડ ઉપરની હકીકત જોતા, હાલનું કામ દલીલના સ્ટેજે હતુ, તે સમયે આરોપી તરફે હાલની અરજી રજુ કરવામાં આવેલ છે તેમજ માર્ક–૬૭/૧ થી આરોપીના જન્મના પ્રમાણપત્રની ખરી નકલ રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા, આરોપીની જન્મ તા.૧૫/૦૭/૨૦૦૬ ની હોવાનું જણાવેલ છે. હાલના કેસની હકીકત જોતા, બનાવ તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ બનેલ હોવાનું ફરીયાદ પક્ષે જણાવેલ છે. જેથી બનાવ તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજ આ કામના આરોપી ૧૬ વર્ષ, ૦૧ માસ અને ૦૭ દિવસના હોવાનું પ્રાઇમાફેસી રીતે જોતા જણાય છે. તે સંજોગોમાં બનાવ સમયે આ કામના આરોપી સગીર વયના હોવાનું માનવાને કારણ રહે છે. જેથી પોકસો એકટની કલમ–૩૪ ધ્યાને લેતા, જયારે પોકસો એકટ અન્વયેનો કોઇ ગુનો કોઇ બાળક દ્વારા કરવામાં આવે ત્યારે આવા બાળક ઉપર જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૦૦ ની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેવુ જણાવવામાં આવેલ છે. વધુમાં, કલમ–૩૪ ની પેટા કલમ–૨ ધ્યાને લેતા, જો સ્પેશ્યલ કોર્ટ સમક્ષની કાર્યવાહીમાં ઉંમર સબંધમાં પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઇ વ્યકિત બાળક છે કે કે, ત્યારે સ્પેશ્યલ કોર્ટ દ્વારા આવા વ્યકિતની ઉંમર વિશે પોતે નકકી કર્યા પછી આવા પ્રશ્નનું અનુમાન કરવામાં આવશે અને તે આવા અનુમાન માટેના કારણોની લેખિતમાં નોંધ કરશે તેવુ જણાવેલ છે. હાલના કેસમાં પણ આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા,

આરોપીની જન્મ તા.૧૫/૦૭/૨૦૦૬ ની હોવાનું માર્ક–૬૭/૧ નું જન્મનું પ્રમાણપત્ર કે જે રજીસ્ટ્રાર, સનવાડા–આર, પીંડવાડા, શીરોહી રાજસ્થાન દ્વારા આપવામાં આવેલ છે. જેથી ઉપરોકત પુરાવાને હાલના તબકકે નહીં માનવાને કોઈ કારણ જણાતુ નથી. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટના રાહુલકુમાર યાદવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર, ૨૦૨૪(૦) એ.આઇ.જે.ઇ.એલ. – એસ.સી. ૭૩૬૦૫ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે, ''Plea of juvenility may be raised before any court and it shall be recognised at any stage, even after final disposal of case.''

આમ, ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ, આરોપી જુવેનાઇલ હોવાનો બચાવ કોઈપણ કોર્ટ આગળ કોઈપણ સ્ટેજે અને આખરી નિર્ણય થયા પછી પણ ઉઠાવી શકાય. તે સંજોગોમાં હાલના કેસમાં પણ જયારે આરોપી સગીર વયના હોવાનું જણાઈ આવતુ હોય, જેથી પોકસો એકટની કલમ–૩૪ મુજબ, સદર ગુનાની ટ્રાયલ ચલાવવા માટે જુવેનાઇલ જસ્ટીસ બોર્ડને હાલનો કેસ મોકલી આપવો ન્યાયોચિત જણાતુ હોઇ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપી તરફેની આંક–૬૪ ની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) વધુમાં, પોકસો એકટની કલમ–૩૪ અન્વયે સ્પે.પોકસો કેસ નં.પર/૨૦૨૨ ને જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ સમક્ષ આગળની કાર્યવાહી માટે મોકલી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : **૦૭** મી, માહે : **માર્ચ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.